# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-01-2026** **Midday : 2.30 TO 2.35 PM**
**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## <u>સમાચારનાં અંતે</u>

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# RASHTRIYA KHANIJ SHIBIR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ખાણ-ખનીજ ક્ષેત્રને દેશની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ ગણાવ્યો. ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલી રાષ્ટ્રીય ખનીજ ચિંતન શિબિરને સંબોધતાં તેમણે કહ્યું , આ શિબિર આધારસ્તંભને વધુ મજબૂત બનાવીને દેશના વિકાસને નવી ગતિ આપવાની તક છે. શ્રી પટેલે ખાણ ખનીજ ક્ષેત્રમાં આવેલા પરિવર્તન અંગે અને રાજ્ય સરકારના ખાણ-ખનીજ ક્ષેત્રના વિકાસના પ્રયાસ થકી આવેલા પરિવર્તન અંગેની રૂપરેખા પણ રજૂ કરી.

**(BYTE: BHUPENDRA PATEL, CM)**

આ પ્રસંગે કેન્દ્રીય કોલસા અને ખાણ મંત્રી જી. કિશન રેડ્ડીએ કહ્યું , ખાણ ઉદ્યોગ આજે માત્ર વિકાસનું માધ્યમ નહીં , પરંતુ ભારતની ભૂ-રાજકીય ક્ષમતા , વ્યૂહાત્મક સુરક્ષા અને વૈશ્વિક પ્રભાવનો મજબૂત આધાર બની ગયો છે. નીતિ સુધારાઓ અને ટૅક્નોલૉજીના માધ્યમથી ભારત આત્મનિર્ભર ખાણ ઉદ્યોગની શક્તિનું મૂળ સ્ત્રોત બની રહ્યું છે.

**(BYTE: G. KISHAN REDDY, UNION MINISTER)**

. . .

# SOMNATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરમાં યોજાયેલા સોમનાથ સ્વાભિમાન પર્વમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આગમન પહેલા ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ગિરનાર તીર્થક્ષેત્ર સહિતના સાધુ-સંતો સોમનાથ દાદાના દર્શનાર્થે પહોંચ્યા છે.

સોમનાથના શંખચોકથી મંદિર સુધીની પદયાત્રામાં શિવજીના પ્રિય વાદ્ય ડમરુંના નાદનો મધુર ધ્વનિ ગૂંજતો થયો છે . પદયાત્રામાં પરંપરાગત વાદ્ય સાથેના એક સમૂહ અને શિવ ભક્તિમય સંગીતથી સોમનાથમાં ભવ્ય અને દિવ્ય માહોલ સર્જાયો છે.

. . .

# UPLETA EARTHQUAKE

સૌરાષ્ટ્રમાં આજે 11 વખત ધરતીકંપના આંચકાઓ અનુભવાયા. સૌથી પહેલા સવારે 6 વાગ્યેને 19 મિનિટે આવેલા ધરતીકંપનું કેન્દ્ર બિન્દુ રાજકોટના ઉપલેટાથી 28 કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે રેક્ટર સ્કેલ પર ધરતીકંપની તીવ્રતા 3.8ની માપવામાં આવી છે.

ઉપરાંત સવારે 11 વાગ્યેને 44 મિનિટે આવેલા 2.6ની તીવ્રતાના છેલ્લા ધરતીકંપનું કેન્દ્ર બિન્દુ ઉપલેટાથી 27 કિલોમીટર દૂર નોંધાયું હતું , તેમ ગાંધીનગરની ભૂકંપશાસ્ત્રીય સંશોધન સંસ્થા દ્વારા જણાવાયું છે.

. . . . .

# KARUNA ABHIYAN

રાજ્યભરમાં આવતીકાલથી કરૂણા અભિયાનનો પ્રારંભ થશે. વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે કહ્યું , ઉત્તરાયણના પર્વમાં ઈજાગ્રસ્ત થયેલા પક્ષીઓની સારવાર માટે આગામી 20 જાન્યુઆરી સુધી આ અભિયાન ચલાવાશે. દરમિયાન રાજ્યભરમાં કુલ 450 જેટલા સંગ્રહ કેન્દ્ર , 85 જેટલા નિયંત્રણ ખંડ અને 480થી વધુ સારવાર કેન્દ્ર અબોલ પક્ષીઓના સારવાર અને બચાવ કાર્ય માટે કાર્યરત્ રહેશે.

ઈજાગ્રસ્ત પક્ષીઓની સારવાર માટે લોકો હેલ્પલાઈન નંબર 1962 ડાયલ કરી શકશે. જ્યારે પક્ષી સારવાર કેન્દ્રની વિગત વાઈલ્ડ લાઈફ હેલ્પલાઈન નંબર 83200-02000 પર ફોન કરી મેળવી શકશે. શ્રી મોઢવાડિયાએ ખોરાક માટે વિચરતા પક્ષીઓને ધ્યાનમાં રાખી લોકોને સવારે અને સાંજે પતંગ ન ચગાવવા પણ અપીલ કરી છે.

. .

# GANDHINAGAR CONGO FEVER

ગાંધીનગરના પિંડારડા ગામમાં એક વ્યક્તિને કૉન્ગો ફિવરના સક્રમણને લઈ આરોગ્ય વિભાગે કાર્યવાહી હાથ ધરી છે. પશુઓ સાથે જોડાયેલા આ રોગથી પીડાતા આ દર્દીની હાલ અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

આરોગ્યની 2 અને પશુપાલન વિભાગની એક ટુકડી પિંડારડા ગામમાં દેખરેખ રાખી રહી છે. દરમિયાન 339 ઘર અને એક હજાર 519 લોકોની ચકાસણી કરવામાં આવી છે.

. . . . . . . . . . . . .

# BK VAN KAVACH PROG

વાવ-થરાદ જિલ્લામાં વન અને પર્યાવરણ રાજ્યમંત્રી પ્રવિણ માળીની અધ્યક્ષતામાં સરપંચ સંવાદ અને "વન કવચ" નો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે સરપંચો સાથે સંવાદ કરતા મંત્રીશ્રીએ કહ્યું , પંચાયતો આત્મનિર્ભર બને તે દિશામાં વન વિભાગ સતત કાર્યરત્ છે. ગામની સરકારી અને ગૌચરની જમીન પર કિંમતી વૃક્ષોનું વાવેતર કરીને ગ્રામ પંચાયતો ભવિષ્યમાં મોટી આવક મેળવી શકે છે.

દરમિયાન જિલ્લામાં શ્રેષ્ઠ 'વન કવચ' તૈયાર કરનારી વિવિધ પંચાયતના સરપંચોને મહાનુભાવોના હસ્તે પ્રશસ્તિપત્ર આપી સન્માનિત કરાયા.

. . . . .

# MSN NAMO LAKSHMI YOJANA

મહેસાણામાં ધોરણ નવથી 12માં ભણતી 27 હજાર 908 વિદ્યાર્થિનીઓને નમો લક્ષ્મી યોજના હેઠળ શિષ્યવૃત્તિ અપાશે. અત્યાર સુધીમાં 27 હજાર 650 વિદ્યાર્થિનીઓના ખાતામાં યોજનાની પ્રથમ હપ્તાની રકમ જમા કરાવવામાં આવી છે.

. . . . . . .